# ॥ શ્રી રામ કબીર સત્ય છે. ॥

સાદર પ્રણામ, રામ કબીર, જય શ્રી કૃષ્ણ

એરીઝોના ભક્ત પરિવાર પત્રિકા –૨ બહાર પાડી રહી છે. સર્વેને " HAPPY DIWALI " આપ સર્વેનુ નૂતન વર્ષ સુખમય સમૃધ્ધિમય, તંદુરસ્તમય નીવડે એવી પ્રભુને અતઃકરણ પૂર્વક પ્રાર્થના. તારીખ નવેમ્બર ૧૦ ના રોજ સમાજે દીવાળી ફંકશનનું આયોજન કર્યુ છે. સર્વે ભક્તોજનોને હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ. આપણી એરીઝોના ભક્ત ડીરેક્ટરીમાં સુધારા કે ફેરફારની આખરી તારીખ આવી ચૂકી છે.

આપણા પરિવારમાંથી કિરિટભાઈ ધીરજભાઈ ભક્ત સ્વર્ગવાસ થયા છે એ દુઃખદ ઘટના છે. પ્રભુને જે ગમ્યું તે ખરું. સદ્દગતના આત્માને પરમ શાંતિ મળે એવી પ્રભુને પ્રાર્થના.

બળદેવ ભક્ત (પારકર)ના રામકબીર

## જલ્દી સાજા થઈ જાવ (GET WELL SOON)

- જેલીબેન મોહનભાઈ ભક્ત (Willcox, AZ) તે નટુ ભાઈ મોહનભાઈ ભક્તના માતુશ્રી

**: Get Well Soon :**

- **Jeliben Mohanbhai Kalidas Bhakta- Natubhai Mohanbhai’s mother (Willcox)**

● ॥ હંસલો ચાલ્યો જવાનો એકલો ॥

॥ પરમાત્મા એ આત્માને શાંતિ સાચી આપજો ॥

- કિરિટભાઈ  ધીરજભાઈ કાળીદાસ ભક્ત તે ધીરજભાઈ કાળીદાસના પુત્ર

**: Deaths :**

**Lone goes the Soul**

**: Our prayers for peace to the departed soul…**

- Kiritbhai Dhirajbhai Bhakta – Dhirajbhai Kalidas Bhakta’s son

## ખીલેલા પુષ્પો

- છાયા પ્રિતેશભાઈ શન્મુખભાઈ ભક્ત (Mesa) ને ત્યાં પુત્રી " નિધિ" નો જન્મ

## •* Arrival of New Flowers *

## •…….Congratulations!

●Daughter  “ Nidhi ” was born to  Chhayben  Priteshbhai Bhakta

## ● ॥ ભલે પધારો ॥

રોનક  શન્મુખભાઈ લલુભાઈ ભક્ત (સ્યાદલા) ત્થા
સુષ્મા હરિશભાઈ ભુલાભાઈ ભક્ત (ઓરણા)

## || Wel Come To Arizona ||

**Ronak Sanmukhbhai  Lallubhai Bhakta (Syadla)**
**Susma Harishbhai Bhulabhai Bhakta (Orna)**

॥ દાન ગંગા ॥

- **સુભાષભાઈ ઈશ્વરભાઈ ભક્ત** — **ડોલર ૫૧**
  Subhasbhai Ishwarbhai Bhakta (Buckeye) — $ 51
- **સંજયભાઈ લલ્લુભાઈ ભક્ત** — **ડોલર ૫૧**
  Sanjaybhai Lallubhai Bhakta (Lake Havasu City) — $ 51
- **નાથુભાઈ કાળીદાસ ભક્ત** — **ડોલર ૫૧**
  Nathubhai Kalidas Bhakta (Gilbert) — $ 51
- **ઉત્તભાઈ રામભાઈ ભક્ત** — **ડોલર ૧૦૦**
  Uttambhai Rambhai Bhakta (Nogales) — $ 100
- **ધીરજભાઈ કાળીદસ ભક્ત** — **ડોલર ૧૦૧**
  Dhirajbhai Kalidas Bhakta (Chandler) — $ 101
- **રમેશભાઈ પરભુભાઈ ભક્ત** — **ડોલર ૩૫**
  Rameshbhai Parbhubhai Bhakta (Gilbert) — $ 35
- **રમેશભાઈ ભીખાભાઈ ભક્ત** — **ડોલર ૨૫**
  Rameshbhai Bhikhabhai Bhakta (Parker) — $ 25
- **દિનેશભાઈ શન્મુખભાઈ ભક્ત** — **ડોલર ૨૫૧**
  Dineshbhai Sanmukhbhai Bhakta (Gilbert) — $ 251

******

# ॥ અન્ય સમાચાર ॥

- **ઓગષ્ટ માસમાં સર્ધન કેલી. ભક્ત સમાજ દ્વારા બાસ્કેટબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. એરીઝોના ભક્ત યુથે પણ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. એરીઝોના ટીમ ફાઈનલમાં આવી હતી. અંતે રનર્સ અપ થઈ હતી. એરીઝોના યુથને હાર્દિક અભિનંદન. એરીઝોના ટીમ સતત બીજી વાર સતત રનર્સ અપ બની છે.**
- **પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન એરીઝોના ભક્ત મહિલા મંડળે શ્રીમાન ધર્મેશભાઈ નટુભાઈ ભક્ત ત્થા મિતુલ સુરેશભાઈ ભક્ત ને ત્યાં ભાવથી ભજન કરી ધન્યતા અનુભવી.**
- **શ્રીમાન ત્રિલોચન કાળીદાસ પટેલને ત્યાં ભગવન શ્રીકૃષ્ણ (કનૈયા) ની છઠ્ઠીના ભજન કરી ધન્યતા અનુભવી.**

# ઘરમાં ને ઘરની બહાર દીવા પ્રગટાવીએ ને સાથે જીવન અને દિમાગમાં પણ પ્રગટાવીએ



વર્ષની વિદાય દઈ, રાગદ્વેષ ભુલાવતી,
નવલી પ્રભાતે નવું, વર્ષને વધાવતી,
અંતરમાં અરમાનો નવા, લાવી દિવાળી... આવી દિવાળી

હિંદુઓના સર્વ તહેવારોમાં સર્વશ્રેષ્ઠ તહેવાર દિવાળીનો ગણાયો છે. અને તે જુદા-જુદા દેશમાં વિવિધ રીતે ઉજવાય છે. ગુજરાતમાં દિવાળીનો તહેવાર પાંચ દિવસીય ઉજવાય છે. ધનતેરસ - કાળીચૌદસ - દિવાળી - બેસતું વર્ષ - ભાઈબીજ. આ દિવસોમાં લોકો ફટાકડા ફોડે છે.

મીઠાઈ - મિષ્ટાન્નને આરોગે છે. એકબીજાના ઘેર સૌને મળવા જાય છે. દિપાવલીના દિવસે ઘરોઘર દીપમાળા પૂરાય છે. દક્ષિણ હિંદમાં દિવાળીના દિવસે સૂંઠના ભૂકાવાળી દવા ખાવાનો રિવાજ છે. અરસ પરસ સૂંઠનો ભૂકો આપે છે. સૂંઠ નાંખેલી મિઠાઈ ખાવાની પ્રથા છે.

તામિલ તેમજ તેલુગુ કોમમાં દિવાળીના દિવસે તમામ અભ્યંગ સ્નાન કરી અરસપરસ મળવાની પ્રથા છે. બંગાળમાં કાલિકા મહોત્સવ ભારે ઠાઠમાઠથી ઉજવાય છે. ઉત્તર હિંદમાં ખેડૂતો કૃષિદેવને મનાવી નવું ધાન ખેતરમાંથી ઘરે લાવે છે. આ જ દિપોત્સવને તેઓ મેઘની મહેરબાની માને છે.

સૌરાષ્ટ્રમાં લક્ષ્મીપૂજનની મહત્તા છે. ગોવર્ધન પૂજા, ગૌક્રીડન, યમતર્પણ વગેરે પર્વ પૌરાણિક રીતે ઉજવી છે. કર્ણાટકમાં જુદી જુદી રમતો રમવાનો પ્રમુખ તહેવાર દિવાળીનો ગણે છે. કાશી બનારસ તરફ રાજા બલિની કથા વાંચવાનો ચાલ છે.

દિપાવલીનું પર્વ આમ અનેક શતાબ્દિઓથી દેશમાં વિવિધ રીતે ઉજવાતું આવ્યું છે. વર્ષો વર્ષથી દિવાળીના પર્વે આ દીવડાઓ ઝગમગતા રહ્યા છે, નવાં વસ્ત્રોને નવાં અલંકારો, રંગોળીઓ અને મીઠાઈઓ, રંગ રોગાનો અને ફટાકડાઓ... વર્ષોવર્ષ માહોલ એવો ને એવો જ જામતો રહે છે.

પરંતુ આજે દુઃખની વાત એ છે કે, ઝળહળાટ ભર્યા આ કોલાહલમાં આપણે અંતવૃત્તિ કરીને કાંઈ વિચાર્યું જ નથી.

ભગવાનના આગમનથી દિવાળીનો ઉત્સવ ઉજવાયો, એવા સૌના આત્મરામ સમા ભગવાનની સ્મૃતિ ક્યાં છે દિવાળી આવે એટલે થોડા દિવસો પૂરતી માણસોને આનંદ કરવાની સુખ મેળવવાની જાણે સીઝન અને પછી પાછા હતા ત્યાંના ત્યાં.

પરંતુ પોતાની પાસે જે સુખ છે. પોતાને જે ભગવાન મળ્યા છે તે ભુલાઈ જાય છે.
દિપાવલીના માંગલ્યમય દિવસે કેવળ હાથ મા મિલાવીએ, હૈયાં પણ મળે એવું કરીએ, કેવળ મુખમાંથી જ મંગલ શબ્દોચ્ચાર ના કરીએ, અંતરને પણ અભિલાષાઓથી અલંકૃત અને શુભ ભાવનાઓથી ભરપૂર કરીને બોલતું કરીએ.
માત્ર આંખમાં જ ચમક ના હોય, અંતરમાં અને આત્મમાં પણ હોય. વસ્ત્ર-પરિધાન કેવળ બહારનાં જ ના હોય. અંદરના - સદ્‌વિચાર સદ્‌ભાવ અને સત્કાર્યોના પણ હોય, અભિનંદન અંતરના પણ હોય.
દિવાળીમાં તરવરાટ દેખાય છે તે આવતી કાલે શમી ના જાય, પરંતુ કાયમ રહે, દિન-પ્રતિદિન ઉત્તરોત્તર વધ્યા કરે, અને એવી રીતે નૂતન વર્ષ એક દિવસ પૂરતું મર્યાદિત નહીં, પરંતુ કાયમનું બને અને એને માટે આપણે પ્રમાણિકપણે પ્રયત્નો કરીએ.
દિવાળીના દિવસે ઘરમાં અને ઘરની બહાર દીવા કરવામાં આવે છે. એ દીવા શાને માટે છે અને શેના છે ? માનવના જીવનમાં દિલ અને દિમાગમાં એવા જ દીવા પ્રગટાવવાના છે.
સ્નેહના, ક્ષમાના, દયાના, શીલના, સંયમના, જ્ઞાનના, સંપના, સદ્‌ભાવનાના અને સેવાભાવના દીવા. જ્યાં જ્યાં અવિદ્યારૂપી આસુરી સંપત્તિનો અંધકાર છે ત્યાં - ત્યાંથી તેને દૂર કરવાનો છે અને નવા પ્રકાશને પ્રકટાવવાનો છે. આપણે જે બહારના દીવા કરીએ છીએ તે એની દીક્ષા માટે છે.
સ્વામિનારાયણ સંપ્રદાયના ક્રાંતિકારી સંત શ્રી મુક્તજીવન સ્વામીબાપા આપણને આવી માત્ર ઝાકમઝાળ કે માત્ર ફટાકડાઓની ફૂલમાળ વાળી માત્ર દિવાળી ઉજવવા સામે લાલબત્તી ધરે છે અને કહે છે.
આપણે આ દિવાળીના પર્વમાં રંગબેરંગી રંગોળી પૂરીએ છીએ તેમ આપણા જીવનમાં અનેક સદ્‌ગુણોથી રંગોળી પૂરીએ, ફટાકડાના અવાજની સાથે - સાથે હ્રદયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આપેલા સર્વોત્તમ સ્વામિનારાયણ મંત્રના નાદને ધબકતો રાખીએ.
હરિયાળાં તોરણોની જેમ આપણું જીવન હર્યું ભર્યું બનાવીએ તો આપણા હ્રદયમાં દિવ્ય દીપક પ્રગટે અને નૂતન વર્ષના નવલા પ્રભાતે આપણા જીવનમાં દિવ્ય નવી જ્યોતનો પ્રકાશ ફેલાય.
ભગવાનને પ્રાર્થના કરવી કે, હે ! ભગવાન્...
દિવ્ય જીવનની જ્યોત જગાવો.
આપ કર્તા થઈ કાર્ય દિપાવો.
મંગલમય સુખ નિત્ય દેનારા,
જય ઘનશ્યામ જય જય કરનારા.
આ દિવાળીના અને નૂતન વર્ષે અમારા સૌના દિલમાં દિવ્ય દીપ પ્રગટ થાય. અમારામાં સદ્‌ગુણો વધે, સહૃદયભાવ વૃદ્ધિ પામે, દેશ અને સમાજની સેવા કરવાની શક્તિ આવે, અમારું જીવન ભગવન્મય બને.
- શાસ્ત્રી શ્રી આનંદપ્રિયદાસજી સ્વામી

# (English section edited by Love Bhakta)

We are happy to issue the second newsletter of the Arizona Bhakta Parivar.

In November, Diwali Festival and Hindu New Year will be celebrated.

## "HAPPY DIWALI"

## "MAY YOUR LIFE BE BRIGHT AS DIWALI NIGHT WITH A MILLION LIGHTS"

The AZ Bhakta Parivar will be hosting a Diwali function from 11:00 AM to 5:00 PM on Saturday, November 10, 2012 at Kiwanis Park in Tempe. Please come out and have some special Diwali food, fun and socialize with other patrons. Hope to see you all there!!!

Shree Kiritbhai Dhirajbhai Bhakta passed away on Oct. 15, 2012 -- On behalf of AZ Bhakta Parivar, we express our sincere condolences to the family.

Our AZ Bhakta Parivar Directory correction deadline is near. Please submit all updated corrections by October 31, 2012.

In Aug. 2012, AZ Bhakta Youth participated in a basketball tournament in Anaheim, California. The AZ Bhakta team made the finals and ended up taking home the runner up trophy.

In holy month sharavan bhajan was held by AZ Mahila Mandal at Dharmeshbhai Natubhai Bhakta and Mitulbhai Sureshbhai's house.

On Lord Krishna sixth day was celebrated at Trilochanbhai K. Patel's House.

Ramkabir.